### મોડાસા નગરપાલિકાની ઘોર બેદરકારી

# ગ્લોઝ, માસ્ક વગર દવાનો છંટકાવ કરવા મજબુર કામદારો

મોડાસા, તા. ૩૦

મોડાસા શહેરમાં મચ્છરજન્ય રોગચાળો ધીરે ધીરે નગરજનોનો ભરડામાં લઈ રહ્યો છે. શહેરમાં મચ્છરજન્ય રોગચાળો ફેલાતો અટકાવવા નગરપાલિકા તંત્ર દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. જંતુનાશક દવાનો છંટકાવ કરનાર કામદારો કોઈપણ જાતની સુરક્ષા વગર દવાનો છંટકાવ કરતા હોવાથી જાણે નગરપાલિકા તંત્રને કામદારોની જાનમાલની કઈ પડી ના હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. કામદાર મહિલા પણ તેના નાના બાળકને સાથે રાખી દવાનો છંટકાવ કરતી હોવાથી મહિલા સહીત નાના બાળકને દવાની વિપરીત અસર થવાનો ભય પેદા થયો છે.

મોડાસા શહેરમાં મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં લેવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. છંટકાવ કરનાર મહિલા કામદારો હાથે ગ્લોઝ અને માસ્ક પહેર્યા વગર નગરમાં દવાનો છંટકાવ કરતા જંતુનાશક દવાની ગુણવત્તા સામે પણ અનેક પ્રશ્નાર્થ ઉભા થયા છે. કેટલાક લોકોએ ટીખળ કરી રહ્યા છે





કે જંતુનાશક દવા નહિ પરંતુ બોરિક પાવડર હોવાથી દવાનો છંટકાવ કરતા કામદારો માટે સલામતી લેવાઈ નથી રહી..!

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા માલપુર રોડ પર આવેલા પંડયાવાસમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતી મહિલા કામદાર કોઈ પણ પ્રકારની રાખ્યા વગર દવાનો છંટકાવ કરતી નજરે પડી હતી મહિલાનું બાળક દવાના ઢગલા પાસે રમતું નજરે પડતા લોકોમાં પણ અચરજ ફેલાયું હતું.

### નગરપાલિકા ચીફ ઓફિસર શું કહે છે..?

મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રણવ પારેખ સાથે શહેરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતા કામદારોને કોઈ પણ પ્રકારની સલામતી વગર દવાનો છંટકાવ કરી રહ્યા હોવા અંગે જણાવ્યું હતું કે તેમને ગ્લોઝ અને માસ્ક આપવામાં આવ્યા છે તેમ છતાં કામદારોએ નહિ પહેર્યા હોય તો સેનેટરી ઈન્સ્પેક્ટરનું ધ્યાન દોરી કામદારોને ગ્લોઝ અને માસ્ક પહેરવા સૂચના આપવામાં આવશેનું જણાવ્યું હતું.

## મોડાસાની પાંચજયોત સોસાયટીમાં ગાયે વાછરડાને જન્મ આપ્યા પછી તરછોડતા સોસાયટીની મહિલાઓએ માતૃ ધર્મ નિભાવ્યો

મા ને સૌથી વહાલું તેનું બચ્ચું હોય છે કોઈપણ મા પછી ચાહે માનવ હોય કે પ્રાણી કે પક્ષી તેના જીવના જોખમે પણ તેના બચ્ચાનુ રક્ષણ



કરતી હોય છે. કહેવાય છે મા તે મા બીજા વગડાના વા, પરંતુ આ ઘોર કળિયુગમાં આ કહેવત અમુક કિસ્સાઓમાં ખોટી સાબિત થઈ રહી છે. હાલના સમયમાં પોતાના પાપને ઢાંકવા માટે કળિયુગી માતાઓ જન્મ બાદ પોતાના બાળકને ત્યજી દેતી હોવાની અનેક ઘટનાઓ સામે આવી છે ત્યારે જાણે માનવીના સતત સહેવાસમાં રહેતા પ્રાણીઓ પણ માનવીના જેવા સ્વાર્થી બન્યા હોય તેવો એક કિસ્સો મોડાસામાં બનતા નગરજનોમાં અચરજ ફેલાયું છે.


### મોડાસાના ચાંદટેકરી વિસ્તારમાં વીજતંત્રના

# ૫૦થી વધુ ગાડીઓના કાફલા સાથે દરોડા : ૨.૫ લાખની વીજચોરી ઝડપાઈ

મોડાસા, તા. ૩૦

મોડાસા શહેરના ચાંદટેકરી વિસ્તારમાં ૭૦૦થી વધુ રહેણાંક મકાનો આવેલા છે. આ વિસ્તારમાં અંદાજે ૧૫૦ જેટલા ઘરોમાં કાયદેસર મીટર લગાવેલ છે જે મકાનોમાં મીટર નથી તે વીજપોલ પર સીધી આંકળી મારી વીજ ચોરી કરી રહ્યા હોવાની સાથે કાયદેસર વીજ મીટર ધરાવતા કેટલાક શખ્સો પણ વીજચોરીમાં સંડોવાયેલા હોવાથી મોટા પ્રમાણમાં વીજચોરી થતી હોવાની બૂમો ઉઠી હતી. સ્થાનિક વીજ તંત્ર વીજચોરી અંગે તપાસ કરવા જાય તો સ્થાનિકોમાં રહેલા કેટલાક અસામાજિક તત્વો અને મહિલાઓ દાદાગીરી કરી હોબાળો મચાવતા પરત ફરવા મજબુર બનતા હતા.

મોડાસાના ચાંદટેકરી વિસ્તારમાં મોટા પ્રમાણમાં વીજચોરી થતી હોવાથી મોડાસા યુજીવીસીએલના મુખ્ય સુપ્રિટેન્ડેન્ટ એન્જીનીયર શાહ અને એન્જીનીયર વસંત સોલંકીની રાહબરી હેઠળ આજુબાજુના સબ ડિવિઝનની



૫૦થી વધુ ગાડીઓ અને મોટી સંખ્યામાં વીજ કર્મચારીઓ સાથે દરોડો પાડી ૨૦ થી વધારે ગેરકાયદેસર વીજ જોડાણો ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ શુક્રવારે ચાંદટેકરી વિસ્તારમાં ૫૦ જેટલી ગાડીઓમાં મોટી સંખ્યામાં વીજ કર્મચારીઓના ધાડેધાડા ઉતરી પડી રહેણાંક વિસ્તારમાં વીજચોરી ઝડપી પાડવા દરોડા પાડતા ભારે નાસભાગ મચી હતી. વીજકર્મચારીઓએ ૧૫૦ જેટલા રહેણાંક મકાનોમાં તલાસી લેતા ૨૦થી વધુ મકાનોમાં ગેરકાયદેસર વીજજોડાણો મળી આવતા ૨.૫ લાખ રૂપિયાની વીજચોરી ઝડપી પાડી વીજપોલ પરથી ગેરકાયદેસર કનેક્શન માટે વપરાયેલ વાયરો સાથે મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વિજયનગરના ચિત્રોડી ગામની સીમમાંથી ૧૦ ફુટ લાંબો અજગર ઝડપાયો

ભિલોડા,તા.૩૦

અરવલ્લીની ગીરીમાળાઓમાં આવેલા વિવિધ સીમ વિસ્તારોમાંથી અજગરો નીકળવાનો



સીલસીલો યથાવત રહેતા ખેડુતો,પશુ પાલકો,શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે.વિજયનગર તાલુકાના ચિત્રોડી ગામના સીમ વિસ્તારમાંથી ૧૦ ફુટ થી વધુ લાંબો અજગર જોવા મળતા પ્રજાજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ચિઠોડા ગામના શૈલેષભાઈ પંચાલના જણાવ્યા મુજબ ચિત્રોડી ગામના પ્રજાજનોએ જીવદયા પ્રેમીઓનો ટેલિફોનિક સંપર્ક કરતા ભારે જહેમત બાદ મહાકાય અજગરને પકડી કંતાનના કોથળામાં ભરીને નિર્જન જંગલ વિસ્તારમાં સલામત રીતે છોડી મુકતા ખેડુતો,પશુ પાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

## ધાનેરામાં ઓછામાં ઓછો વરસાદ હોવા છતાં સ્ટેટ હાઈવે રોડ તૂટી ગયા

ધાનેરા

ભારતમાં દરેક જગ્યાએ સારો વરસાદ પડ્યો છે જેમાં ગુજરાતમાં પણ મોટા પ્રમાણમાં



મુશળધાર વરસાદ પડ્યો છે પરંતુ બનાસકાંઠાના ધાનેરા શહેરમાં ઓછામાં ઓછો વરસાદ પડયો છે ધાનેરામાં થરાદ રોડ તેમજ નેનાવા રોડ જતા રસ્તા ના સ્ટેટ હાઈવે કહેવામાં આવે છે સ્ટેટ હાઈવે રોડનું કામ કેટલું બોગસ બનેલ હોવાથી ધાનેરા મા સામાન્ય વરસાદી છાંટા પડતાં રોડના કામ ની પોલ ખુલી ગઈ છે સ્ટેટ હાઈવે રોડ ખાતામાં પણ ચાલી રહેલો ભ્રષ્ટાચાર અત્યારે લોકોના નજરમાં સમક્ષ જોવા મળી રહ્યો છે કરોડો રૂપિયા સરકારના આવા ભ્રષ્ટાચાર કોન્ટ્રાકટરો અને અધિકારીઓની મિલીભગતના કારણે મોટું નુકસાન ભોગવવું પડે છે તો આવા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સરકારશ્રી એ તપાસ કરી વધુ મોટા કૌભાંડો બાર આવે એવી શક્યતા છે.

જો વધુ વરસાદ ધાનેરા મા પડે તો હાઈવેના રોડ નું નામ નિશાન જોવા પણ નહીં મળે આવો હલકી ગુણવત્તા નું કામ કરી રહેલા કોન્ટ્રાક્ટરો અને મીલીભગત વાળા અધિકારીઓ પર સરકારશ્રીએ કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ તેવી લોકોમાં માંગ છે.

## હિંમતનગર પાલિકામાં કર્મચારી અને ચીફ ઓફીસર વચ્ચે તુ...તુ... મે... મે...

હિંમતનગર નગરપાલિકામાં ગુરૂવારે મોડા આવેલા એક કર્મચારીને ચીફ ઓફીસરે મનસ્વી રીતે રજીસ્ટરમાં ગેરહાજરી પુરી દેતા આ કર્મચારી ચીફ ઓફીસર સમક્ષ રજુઆત કરવા જતા તેમની સાથે અસભ્ય વર્તન કરી અપમાનીત કરી દેતા પાલિકાના અન્ય કર્મચારીઓમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. જોકે બપોર બાદ આ મામલે પાલિકા પ્રમુખ અને અન્ય પદાધિકારીઓએ બંને પક્ષોને સાંભળ્યા બાદ સમજાવટ કરી મામલો થાળે પાડ્યો હતો.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે પાલિકાના પાણી પુરવઠા વિભાગમાં વડા તરીકે ફરજ બજાવતા અશ્વિનભાઈ જોષી શ્રાવણ મહીનાનો છેલ્લો દિવસ હોવાથી મહાદેવમાં દર્શન કરવા માટે ગયા હતા. બરોબર તે જ સમયે પાલિકાના ચીફ ઓફીસર અલ્પેશભાઈ પટેલે મોબાઈલ કરીને ક્યા છો તેમ પુછ્યુ હતુ. જેથી અશ્વિનભાઈએ દર્શન કરવા આવ્યો છુ તેમ કહેતા ચીફ ઓફીસરે પોતાનો રૂવાબ બતાડવા વાત કરીને મોબાઈલ મુકી દીધો હતો અને તરત જ હાજરી પત્રકમાં અશ્વિનભાઈની ગેરહાજરી પુરી દીધી હતી.

બીજી તરફ અશ્વિનભાઈ નગરપાલિકામાં આવ્યા ત્યારે ખબર પડતા તેઓ સીધા ચીફ ઓફીસર સમક્ષ રજુઆત કરવા ગયા હતા. જ્યાં ચીફ ઓફીસરે તેમની સાથે અસભ્ય વર્તન કરીને અધિકારીને ન શોભે તેવા શબ્દો બોલતા પાલિકાના અન્ય કર્મચારીઓ ભેગા થઈ ગયા હતા. દરમ્યાન ચીફ ઓફીસરે અશ્વિનભાઈને સસ્પેન્ડ કરી દેવાની ધમકી આપી હતી. જેથી અશ્વિનભાઈએ તરત જ પાલિકા પ્રમુખ તથા અન્ય પદાધિકારીઓને સઘળી હકીકતથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ પાલિકા પ્રમુખ તથા પદાધિકારીઓ તપાસ કરીને કર્મચારીઓ તથા ચીફ ઓફીસર પાસેથી માહિતી લીધી હતી અને ચીફ ઓફિસરને અધિકારી તરીકે સાજે તેવુ વર્તન કરવા મીઠી ભાષામાં કહીને મામલો થાળે પાડી દીધો હતો. જોકે આ અંગે પાલિકાના ચીફ ઓફીસરનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા તેમણે મોબાઈલ રીસીવ કર્યો ન હતો.

પાલિકાના કર્મચારીઓમાંથી મળતી માહિતી મુજબ ચીફ ઓફીસર કર્મચારીઓ પર પોતાનો રોફ જમાવવા માટે છેલ્લા ઘણા સમયથી તોછડી ભાષા વાપરીને કર્મચારીને અપમાનીત કરે છે. જોકે ગુરૂવારે બનેલી આ ઘટના બાદ ચીપ ઓફીસર કર્મચારીઓ સાથે કટાક્ષમાં વાત કરતા થઈ ગયા હોવાનું કર્મચારીઓનું કહેવુ છે.

## પ્રાંતિજના ગલતેશ્વર ખાતે લોકમેળો ભરાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલેસરા ખાતે આવેલ શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે આઠસો વર્ષથી યોજાતો લોકમેળો દર વર્ષની જેમ પરંપરાગત યોજાયો હતો જેમાં



વિશાળ માનવ મેળામણ ઉમટી પડયું હતું.

પ્રાંતિજથી સાત કિલોમીટર દૂર સાબરમતી નદી કાઠે આવેલ પ્રાંતિજના ગલતેશ્વર ગામે ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દુરદુરથી લોકો મહાદેવના દર્શન કરવા આવે છે અને શ્રાવણના છેલ્લા દિવસે અમાસનો મેળો ભરાયો હતો. જેમાં ચકડોળ, ખાની-પીણીની લારીઓ સહિત પાથરણાવાળા આકર્ષણું કેન્દ્ર બન્યા હતા અને મેળો માલવાની સાથે લોકોએ ભોળા શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને યંત્ર યુગમાં પણ જુની પરંપરાઓ આજે પણ જળવાઈ રહી છે અને દુરદુરથી મેળામાં માનવ મહેરામણ કિડીયાળાની જેમ જોવા મળ્યુ હતું. ત્યારે મંદિરના ટ્રસ્ટી રાકેશભાઈ જોષી, શંભુભાઈ રાવલ, પરાગભાઈ દ્વારા મંદિરમાં દર્શન માટે આવેલ ભકતોને દર્શન સારી રીતે થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## અંબાજી મંદિરમાં શ્રાવણી અમાવસ્યાના દિવસે ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવાયો





અંબાજી

ગુજરાત ના લોકપ્રિય શક્તિ પીઠ અંબાજીમા આજે શ્રાવણ અમાવસ્યા હોઈ મોટી સંખ્યામાં માઈ ભકતો દર્શન કરવા ઉમટ્યા હતા, આજે આ દિવસ કંકોડિયો સંઘના દિવસથી પણ ઓળખાય છે, છેલ્લા ૧૫૧ વર્ષથી નડિયાદના ત્રણ ખડકીવાળા ભક્તો વારા ફરતી અંબાજી મંદિરમાં અન્નકૂટ ધરાવે છે જેમા ભવાનીસિંહજીની ખડકી, રતનજીની ખડકી અને કાકરખડની ખડકીના ભક્તો પાછલા ઘણા વર્ષોથી અંબાજી ખાતે આવી આજના દિવસે અન્નકૂટ ધરાવે છે.

અંબાજી મંદિર અન્નકૂટ હોઈ સવારે પોણા અગિયાર વાગે વહેલું બંધ થઈ ગયું હતું ત્યારબાદ નડિયાદના ભક્તો તરફથી અંબાજી મંદિરમા બપોરે રાજભોગના સમયે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો સાથે માતાજીનો થાળ પણ ભટ્ટજી મહારાજના સાનિધ્યમાં ધરાવાયો હતો, નડિયાદના ભક્તો માથે માતાજીની મૂર્તિ લઈ ઢોલ નગારા સાથે અંબાજી મંદિર મા ગરબા રમ્યા હતા આજે નડિયાદથી પંકજભાઈ દેસાઈ, ધારાસભ્ય નડિયાદ પણ પોતાના પરિવાર સાથે આવ્યા હતા.

## પ્રાંતિજ પોલીસે સાત લાખથી વધુનો લોખંડ ચોરીનો ભેદ ઉકેલ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટુડોર પાસે રોડ સાઈડ ઉપર પુલ બનાવવા માટે ઉતારેલ લોખંડ સળીયા ચોરીનો ભેદ ઉકેલ્યો હતો. પ્રાંતિજ પોલીસે બે આરોપીઓની અટકાયત કરી મુદામાલ કબ્જે કર્યો હતો.



પ્રાંતિજના કમાલપુર પાસે આવેલ ટુડોર ત્રણ રસ્તા પાસે રોડની સાઈડમાં પુલ બનાવવા માટે ઉતારેલ લોખંડના સળીયા જેનુ વજન ૧૯,૫૨૦ કિલો જેની કિંમત-૭,૩૭,૦૭૫ કે કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા સાઈડ ઉપરથી ચોરી કરી લઈ ગયાની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં તા. ૨૪-૮-૨૦૧૯ના રોજ સુભાષચંદ્ર લાલસીંગ ચૌધરી ઉ.વર્ષ-૩૦ ધંધો-કંન્ટ્રકશન હાલ રહે. પ્રાંતિજ ગંજાનદ સોસાયટી મુળ રહે. ગામ વરસુ, તા.જી. ભરતપુર રાજસ્થાન દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ૩૭૯ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પીએસાઈ કે.એસ. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પોલીસ ઈન્સ્પેક્ટર કે.એસ. ચાવડા તથા પ્રાંતિજ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. જોષી, ડીસ્ટાફ માનસિંહ, કિરીટસિંહ, અશોકભાઈ, જગદીશભાઈની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી, જેમાં તપાસ દરમ્યાન ચેતક એન્ટર પ્રાઈઝ કંપનીના પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતો ભગવતી ઉદયવીરસિહ પ્રસાદ ઉ.વર્ષ-૩૦ રહે. હાલ લાભ સોસાયટી સીવીલ હોસ્પિટલ રોડ હિંમતનગર મૂળ રહે. ૧૯૨ ફિરોઝપુર સીહોલા અલીયારખા, ઢોલણા તા.જી. કાસગંજ ઉતરપ્રદેશ તથા ઈમરાનભાઈ મુન્નાભાઈ શેખ ઉ.વર્ષ-૩૮ રહે. એ-૨૨૦ જનતાનગર રામોલ-૬, તા.દસકોઈ, જી.અમદાવાદ બન્નેને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પ્રાંતિજ પોલીસે પ્રાંતિજ કોર્ટમાં હાજર કરી આરોપીઓના રીમાન્ડની માંગ કરવામાં આવી છે.

## ધાનેરા તંત્રી સંઘ દ્વારા લોખંડના વીજ થાંભલા પર પીવીસી સુરક્ષાની રજૂઆત કરાઈ

ધાનેરા તંત્રી સંઘ દ્વારા લોખંડના વીજ થાંભલા પર પીવીસી સુરક્ષાની રજૂઆત કરાયેલ હતી ચોમાસાનો સમય છે વધુ વરસાદ આવે ત્યારે ઠેર ઠેર પાણી ભરાઈ જાય છે ત્યારે અજાણ્યા લોકો એસ.ટી અને ઈલેવન લાઈનો ના થાંભલા પાસે થી પસાર થતા અકસ્માત બનાવ બનેલ છે તેને ધ્યાનમાં લઈ ધાનેરા તંત્રી સંઘ મહામંત્રી રાજુભાઈ જોષીએ જી.ઈ.બી બોર્ડ ને લેખિત અરજી આપેલ જે અરજી ને ધ્યાને લઈ જી.ઈ.બોર્ડના ધાનેરા ડિવિઝનલ અધિકારી પટેલ સાહેબ ધાનેરામાં એલટી લાઈન મા ૪૦થી ૫૦ થાંભલા પર પીવીસી સુરક્ષા લગાવેલ છે અને ઈલેવન લાઈનનું કામ ચાલુ છે આ કામ સપ્તાહમાં પૂર્ણ કરી દેવામાં આવશે ડીસા અને પાલનપુર પણ સુરક્ષા પી વી સી લગાડેલ છે અને ધાનેરામાં લગાવવામાં આવી ન હોવાથી ધાનેરા તંત્રી સંઘે રજૂઆત કરતાં સંપૂર્ણ કામગીરી ધાનેરા ગુ. વિ. બોર્ડ પુરી કરેલ છે.